# પ્રસાર ભારતી

## નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 28-04-2024 સવાર : 7.45 થી 7.55

વાર : રવિવાર નેશનલ બુલેટિન

### આકાશવાણી સમાચાર **અંકિત પ્રજાપતિ** વાંચે છે.

****************************************************

- લોકસભા ચૂંટણીના ત્રીજા તબક્કા માટે જાહેર પ્રચાર વેગવંતો બન્યો છે - મુખ્ય રાજકીય પક્ષોના ટોચના નેતાઓ રેલીઓ અને રોડ-શો દ્વારા મતદારોને રીઝવવા પ્રયત્ન કરી રહ્યા છે
- કેન્દ્ર સરકારે બાંગ્લાદેશ, સંયુક્ત અરબ અમિરાત, ભૂટાન, બહરિન, મોરેશિયસ તેમજ શ્રીલંકાને 99 હજાર મેટ્રિક ટનથી વધુડૂંગળી નિકાસ માટે મંજૂરી આપી
- અમેરિકાના વિદેશ મંત્રી એન્ટનીબ્લિંકને ચેતવણી આપી છે કે, જો ચીન યુક્રેન પર હુમલા માટે રશિયાને શસ્ત્રો આપવાનુંબંધ નહીં કરે તો અમેરિકા પગલાં લેશે.
- હવામાન વિભાગે આજે પશ્ચિમ બંગાળ અને ઓડિશાના ગંગાના વિસ્તારોમાં વધુ ગરમીને લઈનેરેડ એલર્ટ જાહેર કર્યું છે.
- IPL ક્રિકેટમાં આજે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ગુજરાત ટાઇટન્સનો મુકાબલો રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ સામે જ્યારે ચેન્નાઈ ખાતે ચેન્નાઈ સુપર કિંગ્સ સનરાઈઝર્સ હૈદરાબાદ સાથે ટકરાશે.

*******************************************************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

# GUJ. CAMPNING

રાજ્યની 25 લોકસભાની અને વિધાનસભા ખાલી પડેલી પાંચ બેઠકો માટે સમગ્ર રાજ્યમાં પ્રચાર પૂરજોશમાં ચાલી રહ્યો છે. ભાજપ, કોંગ્રેસ, આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય નેતાઓ ગુજરાતમાં વિવિધ સ્થળે પોતાના ઉમેદવારોના સમર્થનમાં જાહેર સભાઓ, બેઠકો અને રોડ શો યોજી રહ્યા છે. ગુજરાતમાં રાજકીય પ્રચાર પૂરજોશમાં ચાલી રહ્યો છે.

ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીયમંત્રી રાજનાથ સિંહ આજે ભાજપના ઉમેદવારોની તરફેણમાં પ્રચાર કરશે. શ્રી સિંહ સવારે અમદાવાદમાં પત્રકાર પરિષદને સંબોધશે અને બાદમાં ખંભાત અને ભાવનગરમાં ચૂંટણી રેલીઓને સંબોધશે.

બીજી તરફ કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધી આજે સાંજે દમણમાં તો આવતીકાલે પાટણમાં જાહેર સભા કરશે. શ્રી ગાંધી કોંગ્રેસના ઉમેદવાર કેતન પટેલના પક્ષમાં પ્રચાર કરશે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા અભિષેક મનુ સિંઘવી આજે રાજ્યમાં પ્રચાર કરશે.

શ્રી સિંઘવી અમદાવાદમાં પત્રકાર પરિષદને સંબોધશે, તો ગઈકાલે ભાજપના વરિષ્ઠ નેતા અમિત શાહે પોરબંદરમાં એક જાહેર રેલીને સંબોધતા વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ત્રીજા કાર્યકાળ દરમિયાન ભારત વિશ્વની ટોચની ત્રણ અર્થવ્યવસ્થાઓમાં સામેલ થશે.

પંચમહાલમાં એક રેલીને સંબોધતા શ્રી શાહે જણાવ્યું હતું કે ભાજપ સરકાર સત્તામાં આવ્યા બાદ સમાન નાગરિક સંહિતા લાગુ કરશે. શ્રી શાહે તુષ્ટિકરણ અને વોટ બેંકની રાજનીતિ માટે વિપક્ષ કોંગ્રેસ પર પ્રહારો કર્યા હતા.

બીજી તરફ, કોંગ્રેસના મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રાએ વલસાડમાં રેલીને સંબોધતા જણાવ્યું હતું કે જો કોંગ્રેસ પક્ષ સત્તામાં આવશે, તો તે આદિવાસી લોકો માટે વિશેષ બજેટ

ફાળવશે અને તેના ઢંઢેરામાં ખાતરી આપ્યા મુજબ ગરીબો, ખેડૂતો અને દલિત લોકોના કલ્યાણ માટે કામ કરશે.

આમ આદમી પાર્ટીના સાંસદ સંજયસિંહે ભરૂચ લોકસભા બેઠકના આમ આદમી પાર્ટીના ઉમેદવાર ચૈતર વસાવાના સમર્થનમાં અંકલેશ્વરમાં ચૂંટણી પ્રચાર કર્યો હતો. આ પ્રસંગે સંજયસિંહે ભાજપ સામે આક્ષેપ કર્યો હતો કે આદિવાસી સમાજના નેતા ચૈતર વસાવાને ખોટા કેસમાં જેલમાં મોકલવામાં આવ્યા છે.

....................................

# UP CAMPAIGNING

ઉત્તરપ્રદેશમાં આજે અનેક ચૂંટણી સભાઓ યોજાઈ રહી છે. ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા અમિત શાહ આજે કાસગંજ, મૈનપુરી, ઈટાવા અને કાનપુરમાં સભા કરશે.

કાનપુરમાં લોકસભા ચૂંટણીના સંદર્ભમાં તેઓ પાર્ટી કાર્યકર્તાઓને પણ મળશે. ભાજપના વરિષ્ઠ નેતા અને ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ આજે બરેલી, બદાઉન અને એટા જિલ્લામાં રેલીઓ કરશે. બીજી તરફ સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવ પણ આજે બરેલીમાં પ્રચાર કરશે. તેમની બીજી રેલી સંભલ જિલ્લામાં યોજાશે.

....................................

# TELANGANA-SUPPORT-CONGRESS

તેલંગાણામાં ભારતીય કોમ્યુનિસ્ટ પાર્ટી-સીપીઆઈ અને માર્ક્સવાદી કોમ્યુનિસ્ટ પાર્ટી-CPIM લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસને સમર્થન આપશે. આ સંદર્ભે CPIMના નેતાઓએ ગઈકાલે પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ અને મુખ્યમંત્રી રેવન્ત રેડ્ડી સાથે મુલાકાત કરી હતી.

બંને પક્ષોએ ભોંગિર સિવાયની તમામ બેઠકો પરથી પોતાના નામ પાછા ખેંચી લીધા છે. શ્રી રેડ્ડીએ કહ્યું કે, તેમણે ભોંગિર સહિત તમામ મતવિસ્તારોમાં કોંગ્રેસને સમર્થન આપવાની અપીલ કરી છે જેથી કરીને મતોનું કોઈ વિભાજન ન થાય અને ભારતીય જનતા પાર્ટીને હરાવી શકાય. CPIMએ ભોંગિરથી પોતાનો ઉમેદવાર ઉતાર્યો છે.

આવતીકાલે ભોંગિરથી ઉમેદવારી પાછી ખેંચવાની છેલ્લી તારીખ છે. ભારતીય કમ્યુનિસ્ટ પાર્ટીએ રાજ્યની કોઈપણ બેઠક પર પોતાનો ઉમેદવાર ઉતાર્યો નથી.

.................................

# CONGRESS-LS-CANDIDATES-LIST

કોંગ્રેસના મહાસચિવ કેસી વેણુગોપાલે કહ્યું છે કે, પાર્ટી ઉત્તરપ્રદેશની બાકી બેઠકો સહિત લોકસભાના ઉમેદવારોની આગામી યાદી બે દિવસમાં જાહેર કરશે. ઉત્તરપ્રદેશ - મહત્વની બેઠકો રાયબરેલી અને અમેઠી માટેના ઉમેદવારોની ચર્ચા કરવા કોંગ્રેસે ગઇકાલે કેન્દ્રીય ચૂંટણી સમિતિ-CECની બેઠક યોજી હતી.

સૂત્રોના જણાવ્યા અનુસાર, ઉત્તરપ્રદેશ કોંગ્રેસ દ્વારા CECને પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો કે, ગાંધી પરિવાર અમેઠી અને રાયબરેલી બેઠકો પરથી ચૂંટણી લડે અને અંતિમ નિર્ણય કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે પર છોડવામાં આવ્યો છે.

2019ની ચૂંટણી સુધી કોંગ્રેસનો ગઢ ગણાતી ઉત્તરપ્રદેશની અમેઠી અને રાયબરેલી બેઠકો માટે કોંગ્રેસે હજુ સુધી કોઈ ઉમેદવાર જાહેર કર્યા નથી. રાહુલ ગાંધી અમેઠીમાં ભાજપના સ્મૃતિ ઈરાની સામે વર્ષ 2019ની લોકસભા ચૂંટણી હારી ગયા હતા, જેનું તેઓ 15 વર્ષથી પ્રતિનિધિત્વ કરતા હતા.

દરમિયાન, રાહુલ ગાંધી વાયનાડ લોકસભા બેઠક પરથી બીજી ટર્મ માટે ઉમેદવાર છે. તેમણે 2019ની ચૂંટણીમાં ત્યાં નોંધપાત્ર જીત મેળવી હતી. સાત તબક્કાની લોકસભા ચૂંટણી માટે કોંગ્રેસે અત્યાર સુધીમાં 308 ઉમેદવારોની જાહેરાત કરી છે.

……………………………

# BOMMAI-PRAISES-MODI

કર્ણાટકના પૂર્વ મુખ્યમંત્રી અને ગડગ-હાવેરી લોકસભા મતવિસ્તારના ભાજપના ઉમેદવાર બસવરાજ બોમ્મઈએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વખાણ કર્યા છે.

તેમણે કહ્યું કે, પ્રધાનમંત્રી મરાઠા શાસક છત્રપતિ શિવાજી મહારાજના સિદ્ધાંતો માટે લડી રહ્યા છે. ગઇકાલે  હાવેરીમાં મરાઠા સમુદાયની બેઠકમાં ભાજપના નેતાએ કહ્યું કે તેઓ પોતે મરાઠા સમુદાય સાથે સૌહાર્દપૂર્ણ સંબંધો ધરાવે છે. તેમણે કહ્યું કે, મરાઠા સમુદાય દેશભક્ત છે અને તેમણે દેશના વિકાસ માટે શ્રી મોદીના હાથ મજબૂત કરવા જોઈએ. તેમણે એમ પણ કહ્યું કે, જ્યારે તેમની સરકાર રાજ્યમાં સત્તામાં હતી ત્યારે તેમણે મરાઠા સમુદાય વિકાસ નિગમની સ્થાપના કરી હતી અને 100 કરોડ રૂપિયા આપ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, કર્ણાટકમાં લોકસભાની ચૂંટણી બે તબક્કામાં યોજાઇ રહી છે પ્રથમ તબક્કાનું મતદાન 26 એપ્રિલ થયું હતું અને બીજા તબક્કાનું મતદાન 7 મેના રોજ યોજાશે.

……………………………

# ONION – EXPORT

કેન્દ્ર સરકારે બાંગ્લાદેશ, સંયુક્ત અરબ અમિરાત, ભૂટાન, બહરિન, મોરેશિયસ તેમજ શ્રીલંકાને 99 હજાર મેટ્રિક ટનથી વધુ ડૂંગળી નિકાસ માટેની મંજૂરી આપી છે.

સરકારે પશ્ચિમ એશિયા અને કેટલાક યુરોપિય દેશો માટે ઉગાડવામાં આવેલી બે હજાર મેટ્રિક ટન સફેદ ડૂંગળીની નિકાસને પણ મંજૂરી આપી દીધી છે. ગત વર્ષે ડિસેમ્બરમાં વર્ષ 2023-24માં ખરીફ પાક અને રવિ પાકોની અનુમાનિત ઉપજ તેમજ ઘરેલુ પુરવઠાની મર્યાદાને જોતા ડૂંગળીની નિકાસ પર પ્રતિબંધ મૂક્યો હતો.

..................................

# BLINKEN-WARNED-CHINA

અમેરિકાના વિદેશ મંત્રી એન્ટની બ્લિંકને ચેતવણી આપી છે કે, જો ચીન યુક્રેન પર હુમલા માટે રશિયાને શસ્ત્રો આપવાનું બંધ નહીં કરે તો અમેરિકા પગલાં લેશે.

બેઇજિંગમાં પત્રકારો સાથે વાત કરતા અમેરિકાના ટોચના રાજદ્વારીએ કહ્યું કે તેમણે તેમના સમકક્ષોને સ્પષ્ટ કર્યું છે કે તેઓ શીત યુદ્ધ પછી યુરોપિયન સુરક્ષા માટેના સૌથી મોટા જોખમને પ્રોત્સાહન આપવામાં મદદ કરી રહ્યા છે. જો કે તેમણે એ નથી કહ્યું કે, અમેરિકા શું પગલાં લેવા તૈયાર છે. શ્રી બ્લિંકને એ વાત પર પણ ભાર મૂક્યો કે તેમને લાગે છે કે, ચીન પશ્ચિમ એશિયામાં રચનાત્મક ભૂમિકા ભજવી શકે છે. શ્રી બ્લિંકન 10 મહિનામાં બેઇજિંગની તેમની બીજી મુલાકાતે છે. આ મુલાકાત દ્વારા તેઓ વાતચીત અને કૂટનીતિ દ્વારા બંને દેશો વચ્ચેના સંબંધો સુધારવાનું અભિયાન ચલાવી રહ્યા છે.

..................................

# IMD-HEAT-WAVE

હવામાન વિભાગે આજે પશ્ચિમ બંગાળ અને ઓડિશાના ગંગાના વિસ્તારોમાં વધુ ગરમીને લઈનેરેડ એલર્ટ જાહેર કર્યું છે.

બિહાર, ઝારખંડ, રાયલસીમા, કર્ણાટક, તમિલનાડુ, કેરળ, માહે, કોંકણ, ઉત્તરપ્રદેશ, દરિયાકાંઠાના આંધ્રપ્રદેશ અને યાનમમાં આગામી ચાર-પાંચદિવસ સુધી કેટલાક સ્થળોએ ગરમીનું મોજું ચાલુ રહેવાની સંભાવના છે.

પશ્ચિમ આસામ, મેઘાલય, ત્રિપુરામાં આવતીકાલ સુધી અને કેરળ, માહે, તટિય કર્ણાટક, તટિય આંધ્રપ્રદેશ, યાનમ અને કોંકણમાં પહેલી મેસુધી ગરમી અને ઉકળાટની અપેક્ષા છે. આવતીકાલ સુધી હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, જમ્મુ-કાશ્મીર-ગિલગિટ-બાલ્ટિસ્તાન-મુઝફ્ફરાબાદમાં વરસાદઅને કરા પડવાની સંભાવના છે.

આગામી બે-ત્રણ દિવસ સુધી દેશના ઉત્તર-પૂર્વીયવિસ્તારોમાં ગાજવીજ સાથે વરસાદની સંભાવના છે. આજે રાજધાની દિલ્હીમાં આંશિક વાદળછાયું વાતાવરણ રહેશે અને તાપમાન 39 અને 22 ડિગ્રી સેલ્શિયસ જેટલું રહેશે.

...................................

# IPL-CRICKET

IPL ક્રિકેટમાં આજે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ગુજરાત ટાઇટન્સનો મુકાબલો રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ સામે થશે. મેચ બપોરે સાડા ત્રણ વાગ્યે શરૂ થશે. અન્ય એક મેચમાં, ચેન્નાઈ સુપર કિંગ્સ ચેન્નાઈના એમએ ચિદમ્બરમ સ્ટેડિયમ ખાતે સનરાઈઝર્સ હૈદરાબાદ સાથે ટકરાશે. મેચ સાંજે સાડા સાત વાગ્યે શરૂ થશે.

દરમ્યાન ગઇકાલે રાજસ્થાન રોયલ્સે લખનઉ સુપર કિંગ્સને સાત વિકેટે હરાવ્યું હતું. લખનઉએ 20 ઓવરમાં 5 વિકેટ ગુમાવીને 196 રન બનાવ્યા હતા જેના જવાબમાં રાજસ્થાને 19 ઓવરમાં 199 રન બનાવીને મેચ જીતી લીધી હતી. કેપ્ટન સંજુ સેમસને અણનમ 71 અને

ધ્રુવ જુરેલે અણનમ 52 રનની ભાગીદારી કરી મેચ જીતી લીધી હતી. મેચના અંતમાં સંજુ સેમસનને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો હતો.

.................................

# PELOSI-PROTESTERS

અમેરિકાની પ્રતિનિધિ સભાના ભૂતપૂર્વ અધ્યક્ષ નેન્સી પેલોસીએ કોલેજ કેમ્પસમાં વિરોધીઓને હમાસની વર્તણૂક તેમજ ગાઝા યુદ્ધના ઇઝરાયેલના આચરણ સામે વિરોધ કરવા વિનંતી કરી છે.

સમગ્ર અમેરિકામાં ડઝનેક કેમ્પસમાં સેંકડો લોકોની ધરપકડ કરવામાં આવી છે, જ્યાં ગાઝામાં પેલેસ્ટિનિયનોના સમર્થનમાં વિરોધ અને શિબિરો શરૂ કરવામાં આવી છે. અમેરિકના પ્રમુખ જો બાઈડેનના નજીકના સાથી શ્રીમતી પેલોસીએ પત્રકારોને જણાવ્યું હતું કે, વધતી જતી માનવતાવાદી કટોકટી વિશે બોલવું યોગ્ય છે અને ઇઝરાયેલના હવાઈ હુમલાની નાગરિકો પર અસર લગભગ અક્ષમ્ય છે.

તેણીએ ઇઝરાયેલી સરકારની કાર્યવાહીની ટીકા કરતાં એવી દલીલ કરી છે કે તેને સ્વ-બચાવનો અધિકાર છે, અને તે પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહુના પ્રશંસક નથી. જો કે તેણીએ કહ્યું કે તે ઇચ્છે છે કે વિરોધીઓ તેમની રણનીતિ પર વિચાર કરે અને હમાસની કાર્યવાહીની નિંદા કરે.

.................................